ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૧ * * * સંવત ૨૦૮૧ ભાદરવો વદ નોમ, સોમવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

ટ્રમ્પની નવી પોસ્ટમાં ચીન નવો ખલનાયક

મહિનાઓ સુધી ભારતને નિશાન બનાવ્યા પછી અમેરિકી પ્રમુખે હવે તોપનું નાળચું ચીન તરફ ફેરવ્યું

નાટો દેશોને ચીન પર ૫૦થી ૧૦૦ ટકા ટેરિફ લાદવા હાકલ કરી, ભારતની ટીકા કરવાનું ટાળ્યું

ટ્રમ્પે નાટો દેશોને ચીન પર આકરા ટેરિફ લાદવાની હાકલ કરી તેના પછી ચીને છૂપો વળતો પ્રહાર કર્યો

વૉશિંગ્ટન, તા. 14 : રશિયન ઓઇલ ખરીદવા બદલ મહિનાઓ સુધી ભારતની પાછળ પડી ગયા પછી અને શિક્ષાત્મક ટેરિફો ભારત પર ઝિંક્યા પછી અમેરિકી પ્રમુખ ટ્રમ્પ હવે તેમની તોપનું નાળચું ચીન તરફ ફેરવી રહ્યા છે. ટ્રુથ સોશ્યલ મીડિયા પર તેમની નવીનતમ પોસ્ટમાં ટ્રમ્પે ગર્જના કરી છે કે નાટો રાષ્ટ્રોએ રશિયા પાસેથી ઓઇલ ખરીદવાનું બંધ કરવું જ જોઇએ અને તેના પર મોટા પ્રતિબંધો લાદવામાં એકતા બતાવવી જોઇએ, જ્યારે કે ટ્રમ્પે ચીન પર વિનાશક ૫૦ ટકાથી ૧૦૦ ટકા ટેરિફ પણ લાદવાની હાકલ કરી છે.

તેમની અત્યાર સુધીની સૌથી સીધી ટિપ્પણીમાં, ટ્રમ્પે કહ્યું કે તેઓ પ્રતિબંધો પર આગળ વધવા માટે તૈયાર છે, જેની રશિયાના નાણાકીય બાબતો પર વિનાશક અસર પડી શકે છે - પરંતુ આખરે નિર્ણય નાટો સાથીઓના હાથમાં છોડી દીધો હતો. જો કે, તેમની માંગની સૌથી તીવ્ર ધાર બેઇજિંગ માટે અનામત હતી. મારું માનવું છે કે નાટો એક જૂથ તરીકે, રશિયા અને યુક્રેનના યુદ્ધ પછી ચીન પર 50 ટકાથી 100 ટકા ટેરિફ મૂકે તો આ ઘાતક, પરંતુ હાસ્યાસ્પદ, યુદ્ધને સમાપ્ત કરવામાં પણ ખૂબ મદદ મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ટ્રમ્પે ભાર મૂક્યો કે ચીનનું રશિયા પર મજબૂત નિયંત્રણ છે, અને પકડ પણ છે, અને આ શક્તિશાળી ટેરિફ તે પકડ તોડી નાખશે. આ માંગણી એક તદ્દન ઉલટું વલણ દર્શાવે છે: તાજેતરમાં સુધી, ટ્રમ્પ દ્વારા ચીન પર 30 ટકા હળવો ટેરિફ લાદવામાં આવ્યો હતો જ્યારે ભારત પર 50 ટકા ડ્યુટી લાદી હતી, જે ટ્રમ્પ ઘણીવાર મોસ્કોના સૌથી મોટા સમર્થકો જેવા બંને દેશો પર એક સાથે હુમલો કરે છે. વધુમાં અમેરિકા જી-૭ દેશોને પણ વિનંતી કરતું આવ્યું છે કે તેઓ ચીન અને ભારત પર ટેરિફો લાદે.

અમેરિકા પર ચીનનો પ્રહાર : અમે યુદ્ધમાં ભાગ લેતા નથી

બૈજિંગ. રશિયન તેલ ખરીદવા બદલ બેઇજિંગ પર 50-100% ટેરિફ લાદવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવ પર ચીને અમેરિકા પર વળતો પ્રહાર કર્યો છે. ગરમ મુદ્દાઓના ઉકેલ માટે બેઇજિંગ શાંતિ વાટાઘાટોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે તે વાતનો પુનરોચ્ચાર કરતા, ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ કહ્યું છે કે યુદ્ધો સમસ્યાઓનું નિરાકરણ લાવી શકતા નથી અને ભાર મૂક્યો છે કે પ્રતિબંધો ફક્ત તેમને જટિલ બનાવશે. ચાઇના ડેઇલીના અહેવાલ મુજબ, સ્લોવેનિયાના નાયબ વડા પ્રધાન અને વિદેશ અને યુરોપિયન બાબતોના પ્રધાન, તાંજા ફાજોનને મળ્યા બાદ તેમણે શનિવારે લુબ્લજાનામાં એક પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી. ચીન યુદ્ધોમાં ભાગ લેતું નથી અથવા યુદ્ધની યોજના બનાવતું નથી, અને ચીન જે કરે છે તે શાંતિ વાટાઘાટોને પ્રોત્સાહન આપવા અને સંવાદ દ્વારા સંઘર્ષના મુદ્દાઓના રાજકીય સમાધાનને પ્રોત્સાહન આપવાનું છે એમ વાંગ યીએ કહ્યું હતું. તેમણે બહુપક્ષીયતાને પ્રોત્સાહન આપવા, બહુપક્ષીય પદ્ધતિઓને મજબૂત બનાવવા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના હેતુઓ અને સિદ્ધાંતોનું સંયુક્ત રીતે રક્ષણ કરવા માટે પણ હાકલ કરી. તેમણે ભાર મૂક્યો કે વર્તમાન સમયમાં, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ એકબીજા સાથે જોડાયેલી અરાજકતા અને સતત સંઘર્ષો દ્વારા વર્ગીકૃત થયેલ છે. ચીન અને યુરોપ હરીફોને બદલે મિત્રો હોવા જોઇએ, અને એકબીજાનો મુકાબલો કરવાને બદલે સહયોગ કરવો જોઇએ. સદીમાં થયેલા સૌથી મોટા ફેરફારો વચ્ચે યોગ્ય પસંદગીઓ કરવાથી બંને પક્ષોએ ઇતિહાસ અને લોકો પ્રત્યેની જવાબદારીઓ પૂર્ણ કરવી જોઇએ, એમ વાંગ યીએ કહ્યું હોવાનું ગ્લોબલ ટાઇમ્સનો અહેવાલ જણાવે છે. તેમનો આ છૂપો સંદર્ભ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે નાટો દ્વારા ચીન પર ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યાના થોડા સમય પછી આવ્યો છે.

પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાના વિરોધમાં દેશભરમાં દેખાવો

અનેક વિરોધપક્ષોના કાર્યકરો રસ્તાઓ પર ઉતરી આવ્યા, સૂત્રોચ્ચારો કર્યા, લોકોને આ મેચનો બહિષ્કાર કરવાની હાકલ કરાઇ

મુંબઇ, તા. 14: પહેલગામ હુમલા પછી સર્જાયેલી તીવ્ર શત્રુતા છતાં પાકિસ્તાનની ટીમ સાથે ભારતીય ટીમના ક્રિકેટ રમવાના નિર્ણયના વિરોધમાં આજે દેશના અનેક ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા, સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા અને લોકોને આ રમત જોવાનો બહિષ્કાર કરવાની હાકલ કરવામાં આવી હતી.

વિવિધ વિરોધપક્ષોના કાર્યકરો શેરીઓ અને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને દેખાવો કર્યા હતા. મહારાષ્ટ્ર અને જમ્મુમાં વિરોધ પ્રદર્શનોની આગેવાની શિવસેના(ઉદ્ધવ બાલ ઠાકરે જૂથ) દ્વારા લેવામાં આવી હતી. જ્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા. ભારત-પાકિસ્તાનની આ મેચ આ અહેવાલ લખાય છે ત્યારે દુબઇમાં શરૂ થઇ ગઇ હતી જે મેચ પહેલગામ હુમલા પછી બંને દેશો વચ્ચે મે મહિનામાં લશ્કરી સંઘર્ષ થયો તે પછી બંને દેશો વચ્ચેની પ્રથમ ક્રિકેટ મેચ છે. આ મેચ સામે અનેક સામાન્ય લોકો પણ વિરોધ કરી રહ્યા છે. એઆઇએમઆઇએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ આ મેચ રમવાના નિર્ણય બાબતે સરકારની આકરી ઝાટકણી કાઢતા કહ્યું હતું કે શું આ મેચમાંથી થનારી આવકનું મૂલ્ય પહેલગામના ત્રાસવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના જીવનના મૂલ્ય કરતા વધારે છે? ભાજપ અને કેન્દ્ર પર નિશાન સાધતા, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે શાસક પક્ષના રાષ્ટ્રવાદ અને દેશ પ્રત્યેના પ્રેમની મજાક ઉડાવી. તેમનું (ભાજપનું) હિન્દુત્વ એક મોટી મજાક છે. ભૂતકાળમાં, ભારત આવી ક્રિકેટ મેચોથી દૂર રહ્યું છે. શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે દ્વારા મેચનો બહિષ્કાર કરવાનું આહ્વાન ફક્ત મહારાષ્ટ્ર પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર દેશમાં તેનો પડઘો પડ્યો છે એમ રાઉતે કહ્યું હતું. મહારાષ્ટ્રના પુણે, થાણે અને અન્ય સ્થળોએ પણ દેખાવો યોજાયા હતા. અનેક શહેરોમાં સૂત્રોચ્ચારો સહિત વિરોધ પ્રદર્શનો થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારે ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન સામે વર્લ્ડ કપ, એશિયા કપ જેવી ટુર્નામેન્ટોમાં પાકિસ્તાની ટીમ સામે રમવાની છૂટ આપી છે પણ ફક્ત દ્વિપક્ષી મેચ તેની સામે રમવાની મનાઇ કરી છે. પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા ત્રાસવાદી હુમલામાં મોટે ભાગે પર્યટકો એવા ૨૬ લોકો માર્યા ગયા તે પછી પાકિસ્તાન સામે ભારે કડવાશનું વાતાવરણ છે.

પહેલગામ હુમલાના મૃતકની પુત્રીએ ભારત-પાકિસ્તાન મેચના બહિષ્કારની હાકલ કરી

પુણે. પહેલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા ૨૬ લોકોમાંના એક સંતોષ જગદાલેની પુત્રી આશાવરી જગદાલે રવિવારે દુબઈમાં યોજાનારી ભારત-પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટ મેચનો બહિષ્કાર કરવાની હાકલ કરી હતી. પીટીઆઈ સાથે વાત કરતાં આશાવરીએ કહ્યું હતું કે, ' 'મને લાગે છે કે આજની મેચ ન થવી જોઈએ. પાંચ મહિના પહેલા જ પહેલગામ હુમલામાં 26 લોકોની નિર્મમ હત્યા કરવામાં આવી હતી અને આટલું બધું થવા પછી પણ, જો બીસીસીઆઈને એમ લાગે છે કે તેમણે મેચ રમવી જોઈએ તો તે ખોટું છે.'' આશાવરીએ કહ્યું હતું કે, મેચને મંજૂરી આપવી એ

...અનુસંધાન પાના 2 પર

ન્યૂઝ બ્રીફ

પૂંચમાં મોટી માત્રામાં હથિયારો સાથે ત્રણની ધરપકડ

જમ્મુ. પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં હથિયારો અને દારૂગોળાના મોટા જથ્થા સાથે ત્રણ આતંકવાદી સમર્થકોની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલા આરોપીઓ પ્રતિબંધિત હિઝબુલ મુજાહિદીન આતંકવાદી સંગઠનના સક્રિય કાર્યકરો છે, જે સરહદી જિલ્લામાં આતંકવાદી પ્રવૃત્તિઓને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

...અનુસંધાન પાના 2 પર

શાહજહાંપુરમાં જીવતી દફનાવાયેલી બાળાને પોલીસે બચાવી

શાહજહાંપુર. રવિવારે ગોદાપુર ગામમાં જીવતી દફનાવવામાં આવેલી 15 દિવસની બાળકીને પોલીસે બચાવી લીધી હતી. પોલીસ અધિક્ષક (એસપી) રાજેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, એક ગ્રામીણ વ્યક્તિએ કેટલાક નાના ઝાડ વચ્ચે જમીન પરથી બાળકીનો હાથ બહાર નીકળતો જોયો. તેમણે તેનો રડવાનો અવાજ સાંભળ્યો અને તરત જ પોલીસને જાણ કરી. એસપીએ

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૪-૦૯-૨૦૨૫નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૯૧૨.0 મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૫.૪ સે.	૨૬.૪ સે.	૫૮%

ભારત ક્રૂડ, ગેસની આયાત ઘટાડવા પગલાં લઈ રહ્યું છે : PM મોદી

સરકાર અશ્મિભૂત ઈંધણના ભંડારની શોધ અને ગ્રીન એનર્જીના ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે : વડાપ્રધાન

નુમાલીગઢ (આસામ). વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ક્રૂડ ઓઇલ અને ગેસની આયાત ઘટાડવા માટે પગલાં લઈ રહી છે અને અશ્મિભૂત ઈંધણના ભંડારની શોધ અને ગ્રીન એનર્જીના ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આસામના નુમાલીગઢમાં રૂ. ૫૦૦૦ કરોડના વાંસ આધારિત ઈથેનોલ પ્લાન્ટ સહિત 12,000 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ બાદ એક રેલીને સંબોધતા મોદીએ

...અનુસંધાન પાના 2 પર

વડાપ્રધાને આસામમાં રૂ. ૧૮૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટો લોન્ચ કર્યા

વડાપ્રધાને વિવિધ વિકાસ પ્રોજેક્ટો પણ લોન્ચ કર્યા હતા. મંગલદોઇમાં તેમણે રૂ. ૬૩૦૦ કરોડના આરોગ્ય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોનો શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત નુમાલીગઢ ખાતે મોદીએ રૂ. ૧૨૨૩૦ કરોડના પ્રોજેક્ટો લોન્ચ કર્યા હતા જેમાં રૂ. ૫૦૦૦ કરોડના વાંસ આધારિત ઇથેનોલ પ્લાન્ટનો પણ સમાવેશ થતો હતો.

કોંગ્રેસ પાકિસ્તાને ઉછેરેલા ત્રાસવાદીઓને ટેકો આપે છે : મોદીનો આક્ષેપ

મંગલદોઈ. (આસામ). વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ દેશની સેનાને ટેકો આપવાને બદલે પાકિસ્તાન દ્વારા તૈયાર કરાયેલા આતંકવાદીઓને ટેકો આપી રહી છે. આસામના દરંગ જિલ્લાના મંગલદોઇ ખાતે એક કાર્યક્રમને સંબોધતા, તેમણે દેશની સૌથી જૂની પાર્ટી પર ઘુસણખોરો અને રાષ્ટ્રવિરોધી શક્તિઓને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો. વડા પ્રધાને એમ પણ ભારપૂર્વક જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર

વક્ફ ખરડા મામલે સુપ્રીમ આજે વચગાળાનો આદેશ આપશે

નવી દિલ્હી, તા. 14 (PTI) : સુપ્રીમ કોર્ટ સોમવારે ત્રણ મુખ્ય મુદ્દાઓ પર તેના વચગાળાના આદેશો જાહેર કરશે, જેમાં કોર્ટ દ્વારા વક્ફ, વક્ફ-બાય-યુઝર અથવા વક્ફ બાય ડીડ તરીકે જાહેર કરાયેલી મિલકતોને ડિનોટિફાઈ કરવાની સત્તાનો સમાવેશ થાય છે, જે વક્ફ (સુધારા) અધિનિયમ, 2025ની કાયદેસરતાને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન ઊભરી આવ્યા હતા. ચીફ જસ્ટિસ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચે વક્ફ કેસમાં બંને પક્ષોને સાંભળ્યા પછી 22 મેના રોજ આ મુદ્દાઓ પર વચગાળાના આદેશો અનામત રાખ્યા હતા. સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર અપલોડ કરાયેલ 15 સપ્ટેમ્બરની કારણ યાદી અનુસાર, કોર્ટ આ મામલે પોતાનો આદેશ આપશે. જેમાં એક મુદ્દો વક્ફ (સુધારા) અધિનિયમ, 2025માં નિર્ધારિત કોર્ટ દ્વારા વક્ફ, વક્ફ-બાય-યુઝર અથવા વક્ફ બાય ડીડ તરીકે જાહેર કરાયેલી

...અનુસંધાન પાના 2 પર

ઉત્તર-પૂર્વી ભારત, બંગાળના ભાગોમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ

જાનહાનિ, ઇજા કે નુકસાનના તત્કાળ કોઇ અહેવાલ નહીં

આસામ, મણિપુર, અરૂણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળના ભાગોમાં આંચકા અનુભવાયા

ગુવાહાટી, તા. ૧૪ (PTI): ઉત્તરપૂર્વીય ક્ષેત્ર અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં ૫.૮ ની તીવ્રતાનો ભૂકંપ આજે આવ્યો હતો એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારની જાનહાની કે મિલકતોને નુકસાનના તાત્કાલિક કોઈ અહેવાલ નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજે ૪.૪૧ વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર ઉદલગુરી જિલ્લામાં હતું. ભૂકંપની ઊંડાઈ ૫ કિમી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવસની શરૂઆતમાં આસામમાં હતા, જ્યાં તેમણે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, (ભૂકંપનું) કેન્દ્ર ઉદલગુરી નજીક હતું. અત્યાર સુધી, કોઈ મોટા નુકસાન કે જાનહાનિના કોઈ અહેવાલ નથી. અમે પરિસ્થિતિ પર સક્રિયપણે નજર રાખી રહ્યા છીએ. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉદલગુરી, સોનિતપુર, તામુલપુર, નલબારી અને આસામના અન્ય કેટલાક જિલ્લાઓના રહેવાસીઓએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. ગુવાહાટીમાં ગભરાયેલા લોકો તેમના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. મણિપુર અને અરુણાચલ પ્રદેશના પશ્ચિમ ભાગોમાં પણ લોકો આ ભૂકંપનો અનુભવ કર્યો હતો. અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરના રહેવાસીઓ પણ ગભરાટમાં તેમના ઘરો અને

...અનુસંધાન પાના 2 પર

સંભવિત રોગચાળાની ચેતવણી મળી શકે તે માટે

ICMR દેશના ૫૦ શહેરોમાં ગટરના પાણીની ચકાસણી શરૂ કરશે

વિવિધ રોગો માટે જવાબદાર જીવાણુઓ, વિષાણુઓની પાણીમાં હાજરીનું પ્રમાણ જાણીને અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવી શકાશે

કોવિડના રોગચાળા વખતે કેટલાક શહેરોમાં કરાયેલા આવા સર્વેલન્સમાં SARS-CoV-2 વાયરસના પ્રમાણમાં વધઘટ અંગે વિશ્વસનિય માહિતી મળી હતી

નવી દિલ્હી, તા. 14 (PTI): દેશની સર્વોચ્ચ આરોગ્ય એજન્સી આઈસીએમઆર આગામી એક વર્ષમાં દેશના ૫૦ શહેરોમાં ગટરોમાં નિકાલ કરાતા ગંદા પાણીનું સર્વેલન્સ હાથ ધરશે જેથી જે-તે વિસ્તારમાં રોગના જીવાણુઓની હાજરી અંગે જાણી શકાય અને અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવામાં તેનાથી મદદ મળે.

હાલમાં દેશના પાંચ શહેરોમાં પાયલોટ ધોરણે આ સર્વેલન્સ હાથ ધરવામાં આવી રહ્યું છે એમ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(આઈસીએમઆર) ના ડિરેક્ટર જનરલ ડો. રાજીવ બહલે જણાવ્યું હતું. અગાઉ આવી કામગીરી ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ જિનેટિક્સ એન્ડ સોસાયટી, નેશનલ સેન્ટર ફોર બાયોલોજિકલ સાયન્સ, સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ દ્વારા ભારતના પાંચ અલગ અલગ શહેરોમાં હાથ ધરવામાં આવી હતી અને તેણે કોવિડના SARS-CoV-2 વાયરસના વધારા અને ઘટાડાના પ્રવાહો અંગે વિશ્વનિય માહિતી પુરી પાડી હતી. હવે આવા પ્રયત્નો વિસ્તૃત બનાવીને તેમાં માણસોમાંના બેકટેરિયા, વાયરસ વગેરે અને સાથોસાથ પશુઓમાં ઉદભવતા આવા જીવાણુઓ, વિષાણુઓને પણ સર્વેલન્સ હેઠળ આવરી લેવાનું આયોજન છે. ડોકટર બહલે જણાવ્યું હતું કે આ પગલું એક મજબૂત સર્વેલન્સ સિસ્ટમ રચશે અને કોઈ પણ રોગચાળો ફાટી નિકળવાના સંજોગોમાં તેને પ્રતિસાદ

...અનુસંધાન પાના 2 પર